# લલક

## 'આનંદમય જન્મદિવસ' માટે
## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પસંદ કરાયેલો એક સદ્‌ગુણ

### સિદ્ધયોગ ધ્યાનશિક્ષક મૈત્રેય લૅરિઓસ દ્વારા લિખિત વ્યાખ્યા

શ્રીગુરુમાઈ આપણને જે દિવ્ય સદ્‌ગુણોનો વિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, તેના વિશે એક ખાસ વાત એ છે કે તે આપણી અંદર પહેલાંથી જ વિદ્યમાન છે. ઉદાહરણ તરીકે, લલકના સદ્‌ગુણને જ લઈ લો. આ ગ્રહ પર દરેકમાં ચિરસ્થાયી સુખ અને સાચો સંબંધ પામવાની લલક છે, અને આપણો દરેક નિર્ણય, દરેક કાર્ય તેના પર જ આધારિત હોય છે. આ લલક ઘણીવાર આપણી બધા પ્રકારની ઇચ્છાઓમાં વ્યક્ત થાય છે, એ વિશ્વાસ સાથે કે બાહ્ય પરિસ્થિતિઓ અને ધન-સંપત્તિમાંથી આપણને ખુશી મળશે : નવી ગાડી, વધારે પ્રેમાળ સાથી, ઊંચી ઊંચી પદવીઓ અથવા વધારે મનોરમ સ્થાનોની મુલાકાત. પરંતુ હકીકત તો એ છે કે આવા લક્ષ્યો થોડા સમય માટે જ હોય છે અને આપણને ખરેખર ખુશી આપવાને બદલે, તે ઇચ્છા એકવાર પૂરી થઈ ગયા પછી તેની જગ્યાએ નવી ઇચ્છા જાગવા લાગે છે. આ ચક્રમાં આપણી તૃષ્ણા ક્યારેય પૂરી રીતે સંતોષાતી નથી; આપણે આપણી સાચી લલકને ઓળખી જ નથી શકતા અને તે અધૂરી જ રહી જાય છે.

શ્રીગુરુમાઈ લલકની વ્યાખ્યા આ શબ્દોમાં કરે છે :

> આ લલક છે : અંતરમાં તે પ્રકાશને જોવાની ઇચ્છા, અંતર અનુભૂતિની ઇચ્છા, ભગવાનનાં દર્શનની ઇચ્છા, સત્યને મહસૂસ કરવાની ઇચ્છા.[૧]

ગુરુમાઈજી આપણને શીખવે છે કે લલકનું જે ગહનતમ રૂપ છે, તે છે આપણા અંતરમાં નિહિત સત્યને જાણવાની ઇચ્છા. 'લલક' કે 'લાલસા' માટે સંસ્કૃતમાં ઘણા શબ્દ છે. પરંપરાગત રીતે, મોક્ષની પ્રબળ ઇચ્છા કે ઉત્કંઠાને કહેવામાં આવે છે, 'મુમુક્ષુત્વ' અથવા 'મોક્ષ અર્થાત્ પરમ મુક્તિ માટે તીવ્ર ઇચ્છાની સ્થિતિ'. આ સંસ્કૃત સંજ્ઞા 'મુક્' ધાતુ પરથી આવી છે જેનો અર્થ છે, 'છોડી દેવું', 'સ્વતંત્ર કરવું', 'મુકત કરવું'. કોનાથી મુકત કરવું? મહાન ભારતીય ઋષિ આદિ શંકરાચાર્ય પોતાના ગ્રંથ 'વિવેકચૂડામણિ'માં મુમુક્ષુત્વ પર તેમની વ્યાખ્યા દ્વારા આ વાત તરફ સંકેત કરતા કહે છે :

*અહંકારાદિદેહાન્તાન્ બન્ધાનજ્ઞાનકલ્પિતાન્ ।*
*સ્વસ્વરૂપાવબોધેન મોક્તુમિચ્છા મુમુક્ષુતા ॥૨૭ ॥*

સ્વ-સ્વરૂપનો બોધ પ્રાપ્ત કરી સ્વયંને સમસ્ત બંધનોથી મુક્ત કરવાની ઇચ્છા, 'મુમુક્ષુત્વ' છે. અહંકારથી લઈને ભૌતિક દેહને પણ બાંધનારા આ બંધન, અજ્ઞાનતા પ્રત્યે (મનુષ્યની) આસક્તિના પરિણામસ્વરૂપ થાય છે.[૨]

'સમસ્ત બંધનોથી સ્વયંને મુક્ત કરવું' — આ શબ્દો દ્વારા શંકરાચાર્યજીનું તાત્પર્ય એ નથી કે આપણે આપણા શરીર કે મનનો અથવા આપણા પદનો કે સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દેવો જોઈએ, પરંતુ તેમનું તાત્પર્ય એ છે કે આ બધી વસ્તુઓ આપણા જીવભાવ કે સીમિત વ્યક્તિત્વનાં પાસાં છે અને તેની સાથે જોડાયેલી આપણી ભ્રમયુક્ત ઓળખથી આપણે પોતાને મુક્ત કરવું જોઈએ. તેથી, આપણા સાચા સ્વરૂપની અજ્ઞાનતાથી મુક્તિ મેળવવી, મોક્ષ છે. આ એ અવસ્થા છે જેમાં આપણે આપણા સાચા આત્માની સ્વતંત્રતા અને આનંદના બોધને પૂર્ણપણે ફરીથી પામી લઈએ છીએ. અને લલક એ પોષણ જેવી છે જેની આવશ્યકતા આપણને એટલા માટે છે જેથી આપણે આપણી અંતર્જાત મુક્તિના અનુભવની આ યાત્રામાં વિકાસ અને પ્રગતિ કરી શકીએ.

મહાન ઋષિમુનિઓ આપણને કહે છે કે એકવાર જ્યારે આપણે આપણા બોધને અંતર તરફ વાળી લઈએ છીએ અને આપણા સુખના સ્રોતને શોધી લઈએ છીએ, તો આપણને એ જ્ઞાત થઈ જાય છે કે આપણે જેને શોધી રહ્યાં છીએ તે વાસ્તવમાં આપણી જ અંદર વિદ્યમાન છે.

## લલક માટે અભિકથન

મને એ વાતનું અભિજ્ઞાન છે કે
ભગવાનને જાણવાની ઇચ્છા જ મારી લલકનો સાર છે.

*(અભિજ્ઞાન થવું અર્થાત્ ઓળખી લેવું, બોધ થવો, જાણી લેવું, જ્ઞાત થવું)*

(અભિકથન : એ કથન જેનું જાગરૂકતાથી વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે જેથી તે આપણી ચેતનામાં ફેલાઈ જાય.)

[1] ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *Kindle My Heart* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૬) પૃ. ૨૦૪.

[2] વિવેકચૂડામણિ, ૨૭; અંગ્રેજી અનુવાદ © એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૨૦૧૬.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.